<u>ફૂલછાબ : ૧ મે ૨૦૧૧ માટે</u>

# ગુજરાત : સ્વર્ણિમ ગુજરાત પછીનો દશકો

*- પરિમલ નથવાણી*

*૧ મે ૧૯૬૦ના રોજ દ્વિભાષી મુંબઈ રાજ્યમાંથી ગુજરાત કંડારાયું ત્યારે ગુજરાતના હિસ્સે કચ્છનું રણ, સૂકું ભઠ્ઠ કાઠિયાવાડ, વેરાન ઉત્તર ગુજરાત, પથરાળ પંચમહાલ જેવાં ક્ષેત્રો આવ્યાં. મુંબઈ તો ત્યારે પણ દેશનું વેપારી મથક હતું જ; કોમર્શિયલ કેપિટલ. પણ તે મહારાષ્ટ્રને ફળ્યું. ગુજરાતને અમદાવાદ, વડોદરા અને સુરત મુખ્ય શહેરો મળ્યાં. કાપડની મિલો અને થોડાં દવાઓનાં કારખાનાં, કચ્છ-કાઠિયાવાડના દરિયા કાંઠે મીઠાના અગરો આપણો મુખ્ય ઉદ્યોગ હતો. જો કે અમદાવાદને કાપડ ઉદ્યોગના 'માન્ચેસ્ટર' નો ગૌરવવંતો દરજ્જો મળ્યો હતો. કાનમનો કપાસ, ભાલના ઘઉં, ચરોતરની તમાકુ અને વલસાડનાં ચીકુ આપણી ખેતીવાડી હતી. જાત્રા કરવા માટે ડાકોર-અંબાજી કારણ કે દ્વારકા-સોમનાથ સૌના આરાધ્ય દેવો ખરા પણ ત્યારે તે અમદાવાદ-વડોદરા-સુરત આસપાસના ગુજરાતને તો 'ગામના છેવાડે' લાગે. 'વાયા વીરમગામ' એક માત્ર જોડતી કડી! ત્યારે નર્મદા હતી પણ નર્મદા યોજના નહોતી.*

*વચ્ચેનાં વર્ષોમાં ગુજરાતે ઘણું ભોગવ્યુંય ખરૂં. સુરત-ભરૂચમાં રેલની તારાજી, સૌરાષ્ટ્ર-કચ્છમાં વાવાઝોડાંની તબાહી, ધરતીકંપથી તારાજી, નબળાં ચોમાસાંને લીધે પાણીના દુકાળ, કોમી રમખાણો, નવનિર્માણ, વિગેરે. ઘણું બધું મેળવ્યું પણ. નર્મદા ઉપર સરદાર સરોવરની યોજના. વિજ્ઞાન અને શિક્ષણ માટે અટીરા, ઈસરો, આઈ.આઈ.એમ. તથા વલ્લભ વિદ્યાનગર. વડોદરામાં ઓ.એન.જી.સી., આઈ.ઓ.સી., આઈ.પી.સી.એલ., તથા જી.એસ.એફ.સી. અને જી.એ.સી.એલ. જેવા ઉદ્યોગો. વાપી, ઉધના, હઝીરા, અંકલેશ્વર, દહેજ, મહેસાણા, હાલોલમાં ઉદ્યોગોનો વ્યાપ. ભરૂચમાં જી.એન.એફ.સી. અને ભાવનગરમાં અલંગ શીપ બ્રેકિંગ યાર્ડ, રાજકોટનો ઈજનેરી ઉદ્યોગ, જામનગરમાં વિશ્વ કક્ષાની રિફાઈનરી, કચ્છમાં સરકારી કંડલા બંદર ઉપરાંત મુંદ્રામાં ખાનગી બંદર, પીપાવાવ. આ બધાં ગુજરાતના ગ્રોથ સેન્ટરો.*

પત્થરમાં લાત મારીને પાણી કાઢવાની ક્ષમતા ગુજરાતે જગતને દર્શાવી. ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં સહકારી ક્ષેત્રનો વિકાસ. જીરૂ, ઈસબગુલ, ફળફળાદિ, તલાલા કેસર, તેલ-તેલીબિયાં જેવા પાકોથી ખેડૂતો અને વેપારીઓ સમૃદ્ધ થયા. જળ સંચય પ્રત્યે જાગૃતિથી ખેડૂતોએ રાજ્યમાં ખેતીનો વિકાસ દેશના કૃષિ વિકાસ દર કરતાં ત્રણ ગણો હાસિલ કર્યો તે એક મોટી સિદ્ધિ. ઘઉં, ચોખા, કપાસ, તમાકુ, બટાકા, જેવા પરંપરાગત પાકો ઉગાડતું ગુજરાત આજે કાજુ, કેસર અને ખારેક ઉગાડી જાણે છે. આમ ગુજરાત આજે તેની સ્થાપનાની સ્વર્ણિમ જ્યંતિએ સમગ્ર દેશનાં ટોચનાં વિકસિત રાજ્યોમાં મોભાદાર સ્થાને છે. વાઈબ્રન્ટ ગુજરાતની વિભાવનાએ ટીકાકારોની ટીખળો વચ્ચે પણ ગુજરાત અને ગુજરાતનો મોભો જાળવવામાં મોટો ટેકો કર્યો.

હવે પછીનાં દસ વર્ષો પછી જે ગુજરાતની કલ્પના છે તે એ કે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ગુજરાત દેશનું અવ્વલ રાજ્ય હોય. મોટા ભાગના છ માર્ગી રસ્તાઓ, પારંપારિક તેમજ બિન પારંપારિક ઊર્જા ક્ષેત્રે માત્ર સ્વાવલંબન જ નહિ પરંતુ ઊર્જાની દેશનાં અન્યો રાજ્યોમાં નિકાસ, ઔદ્યોગિક વિકાસનાં અનુકરણીય મોડલો, શહેરોમાં ઘન કચરાના નિકાલની વ્યવસ્થા, રાજ્યની અંદર તથા બહાર રેલવે અને ધોરી માર્ગો ઉપરાંત હવાઈ તથા જળ-માર્ગે પણ પરિવહન, નર્મદાની મુખ્ય કેનાલના પાણીનું શાખા, પ્રશાખા તથા વિશાખા નહેરો મારફતે ખેડૂતો માટે વિતરણ, રાજ્યની નદીઓનાં કાંઠે આવેલાં નગરોમાં વિશિષ્ટ 'રિવર-ફ્રન્ટ' વિકાસ, સ્વાસ્થ્ય અને શિક્ષણની સર્વોત્તમ વિશ્વ-સ્તરની સુવિધાઓ. ગુજરાત એવું રાજ્ય છે જે આ કરી બતાવશે. તેની તૈયારીઓ અત્યારથી ચાલી રહી છે.

ગુજરાત તીર્થધામ પ્રવાસન અને સ્વાસ્થ્ય પ્રવાસનની નવી તરાહ ઊભી કરી રહ્યું છે. આવનારાં વર્ષોમાં ગુજરાતે પ્રવાસન ક્ષેત્રે વિશિષ્ટ છાપ ઊભી કરી દીધી હશે તે નક્કી છે. કચ્છના સફેદરણ, ઘુડખર અને ગિર અભયારણ્ય, દ્વારકા અને સોમનાથમાં તો પ્રવાસીઓની સંખ્યામાં ધરખમ વધારો થતો જાય છે. ગાંધીનગરમાં મહાત્મા ગાંધી કેન્દ્ર તથા ન્યૂયોર્કની 'સ્વાતંત્ર્ય દેવીની પ્રતિમા' કરતાં પણ વિશાળ સરદાર પટેલની પ્રતિમા સરદાર સરોવર યોજનાને વૈશ્વિક પ્રવાસધામોની શ્રેણીમાં મૂકી દેશે.

વર્ષ ૨૦૨૦નું આવું પરિદ્રશ્ય નજર સામે ફિલ્મની પટ્ટીની જેમ સરકી રહ્યું છે. ઘેર ઘેર પાઈપ ગેસ, સૂર્ય ઊર્જાનાં સાધનોનો વપરાશ, દરેક ખેતરને સિંચાઈનું પાણી, છ માર્ગી

રસ્તાઓ, રાજ્યમાં  પણ એક સ્થળેથી બીજે સ્થળે જવા માટે હવાઈ યાત્રા અને જળ-યાત્રાની સુવિધા, જીલ્લા સ્તરે ઉચ્ચ ટેકનીકલ શિક્ષણની સવલતો, રોજગારની વૈવિધ્યપૂર્ણ સુવિધાઓ વિગેરેની કલ્પના થઈ શકે તેમ છે. આ કલ્પના સાકાર થવાના દિવસો દૂર નથી.

વર્ષ ૨૦૨૦ સુધીમાં રાજ્યમાં માથા દીઠ વીજળીનો વપરાશ ૨૨૫૦ કિલો વોટ પ્રતિ કલાક તથા ગેસનો માથાદીઠ વરરાશ ૫૬૭ ઘન મીટર કરવાનું લક્ષ્યાંક છે. રાજ્યમાં ઔદ્યોગિક ઉત્પાદન પાંચ ગણું થશે તથા ઉદ્યોગોમાં ૨૭ લાખ જેટલી વધારાની રોજગારી તથા સર્વિસ ક્ષેત્રમાં પણ તેટલી જ બીજી રોજગારી ઊભી થશે. આવતાં દસ વર્ષોમાં દેશનાં તટીય રાજ્યોએ પોત પોતાનાં બંદરોના વિકાસ માટે રૂા. ૧.૬૭ લાખ કરોડની યોજનાઓ ઘડી કાઢી છે તેમાં સૌથી વધુ રૂા. ૭૪,૦૦૦ કરોડનું મૂડી રોકાણ ગુજરાતનાં બંદરોના વિકાસમાં થશે. તેથી રાજ્યનાં બંદરો દેશનો ૪૫ ટકા કાર્ગો ભાર વહન કરશે. રાજ્યનાં બે બંદરો કમ સે કમ એવાં હશે જે દેશનાં સૌથી મોટાં બંદરો હશે અને દુનિયાનાં રોટરડેમ જેવાં બંદરો સાથે સ્પર્ધા કરી શકે તેવાં હશે. શક્ય છે કે જો સઘળું સમુ-સૂતરૂં નીવડે તો આવતાં દસ વર્ષો પછી ગુજરાતની પ્રજા 'કલ્પસર' યોજનાનાં ફળો ચાખતી થઈ ગઈ હોય તો નવાઈ નહિ.

ટૂંકમાં, ગુજરાત સ્વર્ણિમ ગુજરાત પછીનાં દસ વર્ષોમાં વાસ્તવિક સોનાનું ગુજરાત હોય તેવી શક્યતાઓ દૂર નથી. ત્યારે રાજ્યનો જી.એસ.ડી.પી. ત્રણ ગણો વધીને રૂા. ૬.૪૬ લાખ કરોડ તથા રાજ્યમાં લોકોની માથાદીઠ આવક અઢી ગણીથી વધુ વધીને ૧૨૬૧૫ ડોલર થઈ ગઈ હશે. રાજ્યના લોકોની માથાદીઠ આવક માટે એવું સ્વપ્નદર્શી આયોજન ગુજરાતે કર્યું છે કે 'ગુજરાત'ને વિશ્વના પ્રથમ પચાસ દેશોમાં 'મલેશિયા, મેક્સિકો કે ટર્કી' જેવા દેશો સાથેની હરોળમાં મૂકી શકાશે.

★ ★ ★

***(શ્રી પરિમલ નથવાણી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ગ્રુપ પ્રેસિડેન્ટ અને રાજ્ય સભાના સાંસદ છે.)***